# Press Notes

## Navjivan Science College,Dahod

**2023-24**

## પ્રબોધ લેવલ તાલીમ :- 19-06-2023 થી 22-06-2023

# નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ખાતે ઈનોવેશન ક્લબ અંતર્ગત પ્રબોધ લેવલની તાલીમનું આયોજન કરાવામાં આવ્યું




વાક્શક્તિ, દાહોદ તા. ૨૨

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ખાતે ઈનોવેશન ક્લબ અંતર્ગત પ્રબોધ લેવલની ૪ દિવસીય તાલીમ નું આયોજન તા. ૧૯/૦૬/૨૦૨૩ થી ૨૨/૦૬/૨૦૨૩ દરમ્યાન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ નું આયોજન ઈનોવેશન ક્લબ ના કો-ઓર્ડીનેટર ડો. દિગ્વિજયસિંહ રાણા તથા જીર્જી કો-ઓર્ડીનેટર રાહુલ ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું.ઈનોવેશન ટ્રેનર સુનિલ વણકર દ્વારા વિદ્યાર્થીઓને બેઝિક અને એડવાન્સ ઈલેક્ટ્રોનિક્સ કીટ, ટેલિસ્કોપ, ડ્રોન કેમેરા, મેકેનિકલ કીટ, તથા એગ્રીકલચરનો સમન્વય જેવી અત્યાધુનિક ટેકનોલોજી વિશે વિવિધ પ્રકારની તાલીમ આપી હતી. આ પ્રસંગે કોલેજના કાર્યકારી આચાર્ય ડો.ગૌરાંગ ખરાદી, કોલેજ પરિવારના સ્ટાફ સભ્યો તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

# LFS શાળામાં માર્ગદર્શન કાર્યક્રમ :- 08-07-2023 તેમજ મહિલા સશક્તિકરણ કાર્યક્રમ :- 11-07-2023

## દાહોદ સાયન્સ કોલેજ દ્વારા લિટલ ફ્લાવર્સ સ્કૂલ માટે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો





દાહોદ. દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ દ્વારા તા:- 08/07/2023 ના રોજ લીટલ ફ્લાવર્સ સ્કૂલના વિદ્યાર્થીઓ અને સ્ટાફ માટે માર્ગદર્શન કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓને કોલેજ વિશે, ઈન્ફ્રાસ્ટ્રક્ચર જુદાં જુદાં વિષયો અને પ્રયોગશાળાઓની વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

# કેશ ગૂંફન સ્પર્ધા માં તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યું :- 18-07-2023





દાહોદ ભગીની સમાજ દ્વારા મેંહદી અને કેશગૂંફન સ્પર્ધાનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેમાં CWDC અંતર્ગત નવજીવન સાયન્સ કોલેજની ૮ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમા કેશગૂંફન સ્પર્ધામાં પરમાર શિતલ શૈલેષભાઈએ તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે, આ સ્પર્ધામાં CWDCના કન્વીનર પ્રોફેસર નિકહત એ.વોહરા તથા કો કન્વીનર શિખા મોઢિયા, CWDC Member ભૂમી ટીલવાણી, સુનંદા ખપેડ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.



દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 19-07-2023

## દાહોદ ભગિની સમાજ દ્વારા મહેંદી અને કેશગૂંફન સ્પર્ધામાં 8 વિદ્યાર્થીની જોડાઇ

દાહોદ. દાહોદ ભગિની સમાજ દ્વારા મેહંદી અને કેશગૂંફન સ્પર્ધામાં સીડબલ્યુસી અંતર્ગત નવજીવન સાયન્સ કોલેજની 8 વિદ્યાર્થિનીઓએ ભાગ લેતા પરમાર શિતલ શૈલેશભાઈએ તૃતીય સ્થાન મેળવતા કન્વીનર પ્રોફેસર નિકહત એ.વોહરા તથા કો કન્વીનર શિખા મોઢિયા, સીડબલ્યુસ મેમ્બર ભૂમી ટીલવાણી, સુનંદા ખપેડ દ્વારા પ્રોત્સાહન અપાયું હતું.

# ઉદિશા એકમ દ્વારા સેમિનાર નું આયોજન:- 22-07-2023

દિવ્ય ભાસ્કર
ગોધરા-દાહોદ ભાસ્કર 23-07-2023

## દાહોદ સાયન્સ કોલેજમાં ઉદિશા એકમ દ્વારા જોબ પ્લેસમેન્ટ ડ્રાઇવનું આયોજન




દાહોદ, આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત આઇ.સી.આઇ.સી.આઇ. બેન્ક, એન.આઇ.આઇ.ટી.-1 એફ.બી.આઇ. અને નવજીવન સાયન્સ કોલેજ દાહોદના ઉદિશા એકમ (પ્લેસમેન્ટ સેલ ) દ્વારા ''જોબ પ્લેસમેન્ટ ડ્રાઇવ'નું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમા 60 વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. એન.આઇ.આઇ.ટી.ના પ્રતિનિધિ જનકરાજ ચૌહાણ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ કોલેજના કાર્યકારી આચાર્ય ડો. ગૌરાંગ ખરાદીના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું તેમજ તમામ કાર્યક્રમનું સંચાલન ઉદિશા પ્રોગ્રામ કોર્ડીનેટર ડો.વિશાલ જૈન દ્વારા કરવામાં આવ્યું હતું.

# કોલેજ કક્ષાએ વિવિધ સ્પર્ધાઓ નું આયોજન :- 27-07-2023

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 27-07-2023

## દાહોદ નવજીવન સાયન્સ કોલેજમા વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું



દાહોદ, દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજમાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત N.S.S,સ્ટુડન્ટ યુનિયન તથા પંચ પ્રકલ્પ દ્વારા વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં કુલ 30 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને કોલેજના પ્રોફેસર ડો. કે. ટી. જોશી તથા ડો. દિગ્વિજયસિંહ રાણા દ્વારા અભિવાદન તેમજ શુભકામનાઓ પાઠવી હતી. વકતૃત્વ સ્પર્ધામાં ભાટિયા સુમિ, નિબંધ સ્પર્ધામાં હઠીલા કિંજલ અને ચિત્ર સ્પર્ધામાં સોલંકી ઉમેશ એ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આ વિદ્યાર્થીઓ તા. 27/07/2023 ના રોજ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, વિંઝોલ ખાતે ભાગ લેશે.

## દાહોદ ખાતે "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરાયું

**કોલેજ** પરિવારના સ્ટાફ સભ્યો તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાય હતા

ગુજરાતમિત્ર



(તસવીર-વિનોદ પંચાલ)

(પ્રતિનિધી) દાહોદ, તા.26 દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત N.S.S,સ્ટુડન્ટ યુનિયન તથા પંચ પ્રકલ્પ દ્વારા વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં કુલ 30 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને કોલેજના પ્રોફેસર ડો. કે. ટી. જોશી તથા ડો. દિગ્વિજયસિંહ રાણા દ્વારા અભિવાદન તેમજ શુભકામનાઓ પાઠવી હતી.

વકતૃત્વ સ્પર્ધામાં ભાટિયા સુમિ, નિબંધ સ્પર્ધામાં હઠીલા કિંજલ અને ચિત્ર સ્પર્ધામાં સોલંકી ઉમેશ એ પ્રથમ સ્થાન મેળવ્યું હતું આ વિદ્યાર્થીઓ તા. 27/07/2023 ના રોજ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, વિંઝોલ ખાતે ભાગ લેશે. આ કાર્યક્રમમાં નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના કાર્યકારી આચાર્ય ડો. ભરત બોદર સાહેબ, ડો.હરીશ પંચાલ તથા શ્રી કિર્તનભાઈ પિત્રોડા દ્વારા નિર્ણાયક તરીકેની ભૂમિકા અદા કરી હતી.આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના N.S.S પ્રોગ્રામ ઓફિસર ડો. શ્રેયસ પટેલ તથા રાહુલ ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલેજના કાર્યકારી આચાર્ય ડો. ગૌરાંગ ખરાદી , કોલેજ પરિવારના સ્ટાફ સભ્યો તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાય હતા.

## દાહોદ ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરાયું



પંચમહાલ સમાચાર દાહોદ. દાહોદ. તા. ૨૪/૦૭/૨૩. દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત N.S.S સ્ટુડન્ટ યુનિયન તથા પંચ પ્રકલ્પ દ્વારા વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુંહતું. તેમાં કુલ ૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને કોલેજના પ્રોફેસર ડો. કે.ટી. જોશી તથા ડો. દિગ્વિજયસિંહ રાણા દ્વારા અભિવાદન તેમજ શુભકામનાઓ પાઠવી હતી. વકતૃત્વ સ્પર્ધામાં ભાટીયા સુમિ, નિબંધ સ્પર્ધામાં હઠીલા કિંજલ અને ચિત્ર સ્પર્ધામાં સોલંકી ઉમેશએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આ વિદ્યાર્થીઓતા. ૨૭/૦૭/૨૦૨૩નારોજ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, વિંઝોલ ખાતે ભાગ લેશે. આ કાર્યક્રમમાં નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના કાર્યકારી આચાર્ય ડો. ભરત બોદર, ડો.હરીશ પંચાલ તથા કિર્તનભાઈ પિત્રોડા દ્વારા નિર્ણાયક તરીકેની ભૂમિકા અદા કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના N.S.S પ્રોગ્રામ ઓફિસર ડો. શ્રેયસ પટેલ તથા રાહુલ ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલેજના કાર્યકારી આચાર્ય ડો. ગૌરાંગ ખરાદી, કોલેજ પરિવારના સ્ટાફ સભ્યો તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાય હતા.

# વિધ્યાર્થી સંઘની રચના વર્ષ 2023-2024 :- 31-07-2023

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 01-08-2023

## નવજીવન સાયન્સ કોલેજમાં 23-24 વર્ષ માટે વિદ્યાર્થી સંઘની રચના કરવામાં આવી



દાહોદ, દાહોદ નવજીવન સાયન્સ કોલેજમાં વર્ષ 2023-2024 વર્ષ માટે વિદ્યાર્થી સંઘની કરાતા જી.એસ. તરીકે કુમારી ડામોર પ્રિયાન્સી તથા એલ.આર. તરીકે કુમારી ગેંગલ જયાની વરણી કરાઈ તેમજ શરુઆતમાં વિદ્યાર્થી સંઘના ઉપપ્રમુખ પ્રા. ડૉ. કે.ટી જોશી તથા પ્રા.ડૉ. દિગ્વિજય રાણા તેમજ પ્રા. કુ. શિખા મોઢિયા દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરું પાડ્યું હતું.

## દાહોદમાં નવજીવન સાયન્સ કોલેજમાં વિધાર્થી સંઘની રચના કરાઈ



તસવીર-વિનોદ પંચાલ

**વિદ્યાર્થીઓને** નિમણૂક પામવા બદલ તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી

(પ્રતિનિધી) દાહોદ, તા.૩૧ દાહોદ નવજીવન સાયન્સ કોલેજ માં વર્ષ 2023-2024 વર્ષ માટે વિધાર્થી સંઘ ની રચના કરવામાં આવી હતી જેમાં G.S. તરીકે કુમારી ડામોર પ્રિયાન્સી તથા L.R. તરીકે કુમારી ગેંગલ જયા ની વરણી કરવામાં આવી હતી. તેમજ શરુઆતમાં વિધાર્થી સંઘના ઉપપ્રમુખ પ્રા. ડૉ. કે.ટી જોશી તથા પ્રા.ડૉ. દિગ્વિજય રાણા તેમજ પ્રા. કુ. શિખા મોઢિયા દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું તથા કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. જી.જે ખરાદી દ્વારા વિદ્યાર્થીઓને નિમણૂક પામવા બદલ તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# યુવા સંવાદ ઈન્ડિયા 2047 વિષય પર કાર્યક્રમ :-03-08-2023

નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના એન.એસ.એસ. એકમ દ્વારા

## યુવા સંવાદ - ઈન્ડિયા@2047 વિષય પર એક દિવસીય કાર્યક્રમ યોજાયો

**કાર્યક્રમમાં** મુખ્ય મહેમાન તરીકે દાહોદ વિધાનસભા ના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી ઉપસ્થિત રહ્યા



(પ્રતિનિધિ) દાહોદ, તા.૩ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ, ગોધરા સંલગ્ન દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના એન.એસ.એસ. એકમ દ્વારા ભારત સરકાર દ્વારા આયોજિત આઝાદી કા અમૃત મહોત્સવ અને ભારત કે પંચ પ્રણ અંતર્ગત યુવા સંવાદ - India@2047 વિષય પર એક દિવસીય કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે દાહોદ વિધાનસભા ના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી સર ઉપસ્થિત રહ્યા. આ કાર્યક્રમ ત્રણ ભાગમાં પૂર્ણ થયો. જેમાં પ્રથમ ભાગમાં મુખ્ય વક્તા તરીકે એક લવ્ય રેસિડેન્શિયલ મોડેલ સ્કૂલ દાહોદ ના શિક્ષક ધ્રુપલભાઈ સોની હાજર રહ્યા અને એમના દ્વારા "પંચ પ્રણ અને આપણા વારસા અને ધરોહર પર ગર્વ વ્યક્ત કરવો" વિષય પર વ્યાખ્યાન આપવામાં આવ્યું. મુખ્ય મહેમાન દ્વારા ભારતના વિકાસમાં યુવાનોની ભુમિકા વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ સભ્યો હાજર રહ્યા. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ.જી.જે.ખરાદિ સરના માર્ગદર્શન હેઠળ એન.એસ. એસ. પી.ઓ. ડૉ.શ્રેયસ પટેલ, પી.ઓ., રાહુલભાઈ ગોહિલ તેમજ એન.એસ.એસ. ના સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું.

ગુજરાતમિત્ર

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 05-08-2023

## દાહોદ એન.એસ.એસ. એકમ દ્વારા યુવા સંવાદ ઇન્ડિયા 2047 વિષય પર કાર્યક્રમ



દાહોદ, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ, ગોધરા સંલગ્ન દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના એન.એસ.એસ. એકમ દ્વારા ભારત સરકાર દ્વારા આયોજિત આઝાદી કા અમૃત મહોત્સવ અને ભારત કે પંચ પ્રણ અંતર્ગત યુવા સંવાદ - India@2047 વિષય પર એક દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ ત્રણ ભાગમાં પૂર્ણ થયો હતો. જેમાંમોટી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ સભ્યો હાજર રહ્યા.

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના NSS એકમ દ્વારા યુવા સંવાદ-India 2047 વિષય પર એક દિવસીય કાર્યક્રમ યોજાયો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

પંચમહાલ સમાચાર દાહોદ, તા.૦૩/૦૮/૨૦૨૩ ગુરૂવાર, ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, વિંઝોલ, ગોધરા સંલગ્ન દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના એન.એસ.એસ. એકમ દ્વારા ભારત સરકાર દ્વારા આયોજીત અઝાદી કા અમૃત મહોત્સવ અને ભારત કે પંચ પ્રણ અંતર્ગત યુવા સંવાદ-ઈંડિયા૨૦૪૭ વિષય પર એક દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે દાહોદ વિધાનસભાના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી ઉપસ્થિત રહ્યા. આ કાર્યક્રમ ત્રણ ભાગમાં પૂર્ણ થયો. જેમાં પ્રથમ ભાગમાં મુખ્ય વકતા તરિકે એક લવ્ય રેસિડેન્શિયલ મોડેલ સ્કૂલ દાહોદના શિક્ષક ધ્રુપલભાઈ સોની હાજર રહ્યા અને એમના દ્વારા ''પંચ પ્રણ અને આપણા વારસા અને ધરોહર પર ગર્વ વ્યક્ત કરવો'' વિષય પર વ્યાખ્યાન આપવામાં આવ્યું. મુખ્ય મહેમાન દ્વારા ભારતના વિકાસમાં યુવાનોની ભુમિકા વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ સભ્યો હાજર રહ્યા. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના કાર્યકારી આચાર્ય ડો.જી.જે.ખરાદીના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પી.ઓ. ડો.શ્રેયસ પટેલ, પી.ઓ. .રાહુલભાઈ ગોહિલ તેમજ એન.એસ.એસ.ના સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું.

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના એન.એસ. એસ. એકમ દ્વારા યુવા સંવાદ - India@2047 વિષય પર એક દિવસીય કાર્યક્રમ યોજાયો



વાક્ શક્તિ ન્યૂઝ વાક્શક્તિ, દાહોદ તા.૦૩

દાહોદ,તા.૦૩/૦૮/૨૦૨૩ ગુરુવાર, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ, ગોધરા સંલગ્ન દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના એન.એસ.એસ. એકમ દ્વારા ભારત સરકાર દ્વારા આયોજીત આઝાદી કા અમૃત મહોત્સવ અને ભારત કે પંચ પ્રણ અંતર્ગત યુવા સંવાદ - India@2047 વિષય પર એક દિવસીય કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરિકે દાહોદ વિધાનસભા ના ધારાસભ્ય માન.શ્રી. કનૈયાલાલ કિશોરી સર ઉપસ્થિત રહ્યા. આ કાર્યક્રમ ત્રણ ભાગમાં પૂર્ણ થયો. જેમાં પ્રથમ ભાગમાં મુખ્ય વક્તા તરિકે એક લવ્ય રેસિડેન્શિયલ મોડેલ સ્કૂલ દાહોદ ના શિક્ષક શ્રી. ધ્રુપલભાઈ સોની હાજર રહ્યા અને એમના દ્વારા "પંચ પ્રણ અને આપણા વારસા અને ધરોહર પર ગર્વ વ્યક્ત કરવો" વિષય પર વ્યાખ્યાન આપવામાં આવ્યું. મુખ્ય મહેમાન દ્વારા ભારતના વિકાસમાં યુવાનોની ભૂમિકા વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ સભ્યો હાજર રહયા. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ.જી.જે.ખરાદિ સરના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પી.ઓ. ડૉ.શ્રેયસ પટેલ, પી.ઓ. શ્રી.રાહુલભાઈ ગોહિલ તેમજ એન.એસ.એસ. ના સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું.

# આંતર કોલેજ રમતગમત સ્પર્ધા નું આયોજન :- 05-08-2023

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 06-08-2023

## દાહોદ નવજીવન સાયન્સ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓ માટે ક્રોસ કન્ટ્રી સ્પર્ધા યોજાઇ



દાહોદ. દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ દાહોદના શારીરિક શિક્ષણ અને રમત-ગમત વિભાગ દ્વારા કોલેજના વિદ્યાર્થીઓ માટે ક્રોસ કન્ટ્રી (10 કીમી દોડ) આંતર કોલેજ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં 22 ખેલાડી ભાઈઓએ ભાગ લીધો હતો. વિજેતા ખેલાડીઓને શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની આંતર કોલેજમાં કોલેજનું પ્રતિનિધિત્વ કરાવવામાં આવશે.

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ દ્વારા વિદ્યાર્થીઓ માટે ક્રોસ કન્ટ્રી સ્પર્ધાનું આયોજન

(પ્રતિનિધિ) દાહોદ, તા.5

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના શારિરીક શિક્ષણ અને રમત-ગમત વિભાગ દ્વારા કોલેજના વિદ્યાર્થીઓ માટે ક્રોસ કન્ટ્રી (10 કીમી દોડ) આંતર કોલેજ સ્પર્ધાનું આયોજન તા.05-08-2023 ના રોજ કરવામાં આવેલ હતું. જેમાં 22 ખેલાડી ભાઈઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાનું પ્રસ્થાન ડૉ. એચ.આર.ડાભી દ્વારા આપવામાં આવ્યું હતું. કોલેજના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. જી.જે.ખરાદી એ પણ ખેલાડીઓને પ્રોત્સાહન આપીને આયોજનને બિરદાવ્યુ હતું. આ સ્પર્ધામાં મદદનીશ પંચ તરીકે અંકિત ચૌહાણ, હિરલ સોલંકી અને રાહુલ ગોહિલ સ્ટાફ સભ્યોએ ફરજ બજાવી હતી. કોલેજના એન.એસ. એસ. યુનિટ ના સ્વયંસેવકોએ સ્પર્ધામાં મદદ કરીને સફળ બનાવવામાં સહભાગી થયા હતાં. તેમજ કોલેજના



શારીરિક શિક્ષણ વિભાગના નિયામકશ્રી ડૉ. વી.જે.ચૌહાણ દ્વારા આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું અને વિજેતા ખેલાડીઓને શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ની આંતર કોલેજમાં કોલેજનું પ્રતિનિધિત્વ કરાવવામાં આવશે. કોલેજ પરિવાર તરફથી સ્પર્ધામાં વિજેતા ખેલાડીઓને શુભેચ્છાઓ.

# NSS દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ :- 12-08-2023

દિવ્ય ભાસ્કર
ગોધરા-દાહોદ ભાસ્કર 13-08-2023

## દાહોદ સાયન્સ કોલેજના એન.એસ.એસ. એકમ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું



દાહોદ, દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ , દાહોદના એન.એન.એસ યુનિટ દ્વારા ''આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત''મેરી મિટ્ટી મેરા દેશ' અભિયાન દ્વારા કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્ય, સ્ટાફ સભ્યો અને વિદ્યાર્થીઓ દ્વારા કોલેજ કેમ્પસમાં 50 જેટલા વિવિધ વૃક્ષો વાવેતર કરવામાં આવ્યા હતા અને પંચ પ્રાણ પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

# NSS દ્વારા ઓરિએંટેશન પ્રોગ્રામ :- 21-08-2023

## દાહોદ નવજીવન સાયન્સ કોલેજના NSS એકમ દ્વારા વિદ્યાર્થીઓ માટે ઓરીએન્ટેશન પ્રોગ્રામ યોજયો




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના એન.એસ.એસ. એકમ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત કોલેજના વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજવામાં આવ્યો.

તા.૨૧/૦૮/૨૦૨૩ ના રોજ દાહોદ અનાજ મહાજાન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના એન.એસ.એસ. એકમ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત પ્રથમ વર્ષમાં પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓ માટે NSSનો ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો. આ ઓરિએન્ટેશનનો હેતું વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સેવા યોજનાની કામગીરી, મહત્વ, આત્મવિકાસ અને સમાજ સેવામાં એમની ભુમિકાની સમજ આપવાનો હતો. આ પ્રોગ્રામમાં કોલેજના કાર્યકારી આચાર્ય ડો.જી.જે. ખરાદી, પ્રો.ડો.એચ.આર. ડાભી અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસ ડો.એસ.એ.પટેલ દ્વારા વિદ્યાર્થીઓને NSS વિશે પૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું. ભુતપૂર્વ એન.એસ.એસ. સ્વયંસેવકો દ્વારા એમના અનુભવો અને એન.એસ.એસ.ના કારણે એમના જીવનમાં થયેલ બદલાવ વિશે માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓને એન.એસ.એસ.માં જોડાવા માટે ના ફોર્મ ભરાવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. તમામ કાર્યક્રમનું આયોજન કાર્યકારી આચાર્ય ડો.જી.જે. ખરાદીના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પી.ઓ. ડો.શ્રેયસ પટેલ, આર.બી. ગોહિલ અને સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું.

### દાહોદ નવજીવન સાયન્સ કોલેજ એન.એસ.એસ. એકમ દ્વારા

## આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત કોલેજના વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો




વાક્શક્તિ, દાહોદ તા.૨૧

દાહોદ, તા.૨૧/૦૮/૨૦૨૩ ના રોજ દાહોદ અનાજ મહાજાન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ,દાહોદ ના એન.એસ. એસ. એકમ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત પ્રથમ વર્ષમાં પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓ માટે દ્રજીજી નો ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો. આ ઓરિએન્ટેશન નો હેતું વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સેવા યોજનાની કામગીરી, મહત્વ, આત્મવિકાસ અને સમાજ સેવામાં એમની ભુમિકા ની સમજ આપવા નો હતો. આ પ્રોગ્રામમાં કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ.જી.જે.ખરાદી સર, પ્રો.ડૉ.એચ.આર.ડાભી સર અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસ ડૉ.એસ.એ.પટેલ દ્વારા વિદ્યાર્થીઓને NSS વિશે પુર્ણ માર્ગદર્શન આપ્યું હતું. ભુતપૂર્વ એન.એસ.એસ. સ્વયંસેવકો દ્વારા એમના અનુભવો અને એન.એસ. એસ. ના કારણે એમના જીવનમાં થયેલ બદલાવ વિશે માહિતી આપવામાં આવી હતી, ત્યારબાદ વિદ્યાર્થીઓને એન.એસ.એસ. માં જોડાવા માટે ના ફોર્મ ભરાવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. તમામ કાર્યક્રમનું આયોજન કાર્યકારી આચાર્ય ડૉ.જી.જે.ખરાદી સરના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પી.ઓ. ડૉ.શ્રેયસ પટેલ, શ્રી.આર. બી.ગોહિલ અને સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું.

# GBRC ગાંધીનગર ખાતે M.Sc ZOOLOGY ના વિધ્યાર્થીઓ દ્વારા મુલાકાત :- 21-08-2023

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 24-08-2023

## દાહોદ ઝૂલોજીના વિદ્યાર્થીઓ દ્વારા બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટરની મુલાકાત



દાહોદ. દાહોદ નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના M. Sc. ઝૂલોજીના વિદ્યાર્થીઓએ ગુજરાત સરકારના સાયન્સ અને ટેક્નોલોજી વિભાગ રૂસતક ચાલતી ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટર (GBRC), ગાંધીનગરની મુલાકાત લીધી હતી. GBRCના વૈજ્ઞાનિકો દ્વારા ત્યાં ઉપલબ્ધ નવીન અને આધુનિક બાયોટેક્નોલોજી સાધનોનો ઉપયોગ અને તેની જાણકારી મેળવી હતી.

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના M.Sc. ઝૂલોજીના વિદ્યાર્થીઓ દ્વારા ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટરની મુલાકાત



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

પંચમહાલ સમાચાર દાહોદ

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના M.Sc. ઝૂલોજીના વિદ્યાર્થીઓએ તા.૨૧/૦૮/૨૦૨૩ના રોજ ગુજરાત સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગ રૂસતક ચાલતી ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર (GBRC), દ્વારા ત્યાં ઉપલબ્દ નવીન અને આધુનિક બાયોટેકનોલોજી સાધનોનો ઉપયોગ અને તેની જાણકારી મેળવી હતી.

આ મુલાકાતનું સંચાલન ઝૂલોજી વિભાગના પ્રાધ્યાપકો ગઝાલા શેખ અને ધીરજ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ મુલાકાત માટે ઝૂલોજી વિભાગના વડા નિકહત વોહરા અને કોલેજના પ્રિન્સિપાલ ડો.ગૌરાંગ જે. ખરાડી

## દાહોદના સાયન્સ કોલેજના વિધ્યાર્થીઓએ GBRC ની મુલાકાત લીધી

(પ્રતિનિધિ) દાહોદ, તા.23

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના M. Sc. ઝૂલોજી ના વિધ્યાર્થીઓએ તા ૨૧ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ ગુજરાત સરકારના સાયન્સ અને ટેક્નોલોજી વિભાગ રૂસતક ચાલતી ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટર (GBRC), ગાંધીનગરની મુલાકાત લીધી હતી. GBRC ના વૈજ્ઞાનિકો દ્વારા ત્યાં ઉપલબ્દ નવીન અને આધુનિક બાયોટેક્નોલોજી સાધનોનો ઉપયોગ અને તેની જાણકારી મેળવી હતી.

આ મુલાકાતનું સંચાલન ઝૂલોજી વિભાગના પ્રાધ્યાપકોશ્રી ગઝાલા શેખ અને ધીરજ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ મુલાકાત માટે ઝૂલોજી વિભાગના વડા શ્રીમતી નિકહત વોહરા અને કોલેજના પ્રિન્સિપાલ ડૉ. ગૌરાંગ જે. ખરાડી દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

# આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત કાર્યક્રમ :- 22-08-2023

## દાહોદ સાયન્સ કોલેજમાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત કાર્યક્રમ યોજાયો

ગુજરાતમિત્ર તા. 23/08/23

**વિદ્યાર્થીઓને** એન.એસ. એસ. માં જોડાવા માટે ના ફોર્મ ભરાવામાં આવ્યા



(પ્રતિનિધિ) દાહોદ, તા. 22 દાહોદ અનાજ મહાજાન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ,દાહોદ ના એન.એસ.એસ. એકમ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત પ્રથમ વર્ષમાં પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓ માટે NSS નો ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો. આ ઓરિએન્ટેશન નો હેતું વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સેવા યોજનાની કામગીરી, મહત્વ, આત્મવિકાસ અને સમાજ સેવામાં એમની ભુમિકા ની સમજ આપવા નો હતો. આ પ્રોગ્રામમાં કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ.જી. જે.ખરાદી સર, પ્રો.ડૉ.એચ.આર.ડાભી સર અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસ ડૉ.એસ.એ.પટેલ દ્વારા વિદ્યાર્થીઓને NSS વિશે પુર્ણ માર્ગદર્શન આપ્યું હતું. ભુતપૂર્વ એન.એસ.એસ. સ્વયંસેવકો દ્વારા એમના અનુભવો અને એન.એસ.એસ. ના કારણે એમના જીવનમાં થયેલ બદલાવ વિશે માહિતી આપવામાં આવી હતી, ત્યારબાદ વિદ્યાર્થીઓને એન.એસ.એસ. માં જોડાવા માટે ના ફોર્મ ભરાવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. તમામ કાર્યક્રમનું આયોજન કાર્યકારી આચાર્ય ડૉ.જી.જે.ખરાદી સરના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પી.ઓ. ડૉ.શ્રેયસ પટેલ, શ્રી.આર.બી.ગોહિલ અને સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું.

# અંધશાળા માં રક્ષાબંધન કાર્યક્રમની ઉજવણી :- 30-08-2023

ગોધરા-દાહોદ ભાસ્કર 31-08-2023

## સાયન્સ કોલેજના એનએસએસ દ્વારા અંધજન શાળામાં રક્ષાબંધન પર્વ ઉજવ્યો



દાહોદ,દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજના એન.એસ.એસ. એકમ દ્વારા દત્તક ગામ છાપરીમાં આવેલ શ્રીમતી એન.બી.જૈન અંધજન શાળામાં પવિત્ર પર્વ રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના તમામ સ્ટાફ સભ્યો અને શાળાના બાળકોને એન.એસ.એસ. સ્વયંસેવક બહેનો દ્વારા રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

# કોલેજીયન મહિલા વિકાસ સમિતિનું વ્યાખ્યાન :-4-1- 2024

## નવજીવન સાયન્સ કોલેજમાં કોલેજિયન મહિલા વિકાસ સમિતિનું વ્યાખ્યાન યોજાયુ



દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજનાં કોલેજીયન મહિલા વિકાસ સમિતિ ગુરૂવારના રોજ વિદ્યાર્થિનીઓ માટે 'આધુનિક નારી 2024 પ્રાચીનથી અર્વાચીન મનોમંથન' વિશે હિતેન્દ્ર રણા દ્વારા વ્યાખ્યાન અપાતા કોલેજની 150 જેટલી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આચાર્ય ડો. ગૌરાંગ જે. ખરાદી તથા CWDC કોઓર્ડિનેટર પ્રોફેસર નિક્હત એ. વોહરા હેઠળ શીખા મોઢિયા સનંદા ખપેડ અને ભૂમિ ટીલવાણી દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

## સ્પોર્ટ્સ માં કોલેજના વિધ્યાર્થી એ પી.એચ.ડી. પ્રાપ્ત કરી :-

**08-02-2024**

**FRIDAY, 09•02•2024**

# નવજીવન સાયન્સ કોલેજની વિદ્યાર્થિનીએ પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી



દાહોદ : દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસિયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદની વિધાર્થીની હિતાક્ષી મૈસુરિયા જેઓએ ગ્રામ્ય અને શહેરી વિસ્તારના ખેલાડીનો શરીર પરિમીત, માનસિક સ્વાસ્થ્ય અને રમત ચિંતાનો તુલનાત્મક અભ્યાસ વિષય પર મહાશોધ નિબંધ પ્રસ્તુત કર્યો હતો. જે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા દ્વારા સ્વીકારીને પીએચ.ડી. ની પદવી એનાયત કરેલ છે. આ વિધાર્થીની શારીરિક શિક્ષણ ના અધ્યાપક ડૉ. વી.જે.ચૌહાણના માર્ગદર્શન હેઠળ પદવી મેળવેલ છે. નવજીવન સાયન્સ કોલેજ માંથી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની પ્રથમ વિધાર્થીની છે જેને પીએચ.ડી. ની પદવી મળેલ છે.

આ પ્રસંગે સંસ્થા તેમજ કોલેજના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. જી.જે.ખરાદી એ અભિનંદન પાઠવીને શુભેચ્છા પાઠવે છે. તેમજ સમગ્ર કોલેજ પરિવાર આનંદ અને હર્ષની લાગણી અનુભવે હતી.

# નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ની વિદ્યાર્થિનીએ પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી



**દાહોદ** : દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસિયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ની વિદ્યાર્થીની હિતાક્ષી મૈસૂરિયા જેઓએ "ગ્રામ્ય અને શહેરી વિસ્તારના ખેલાડીનો શરીર પરિમીત, માનસિક સ્વાસ્થ્ય અને રમત ચિંતાનો તુલનાત્મક અભ્યાસ" વિષય પર મહાશોધ નિબંધ પ્રસ્તુત કર્યો હતો. જે ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા દ્વારા સ્વીકારીને પીએચ.ડી.ની પદવી એનાયત કરેલ છે. આ વિદ્યાર્થીની શારીરિક શિક્ષણના અધ્યાપક ડૉ. વી.જે. ચૌહાણના માર્ગદર્શન હેઠળ પદવી મેળવેલ છે. નવજીવન સાયન્સ કોલેજ માંથી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની પ્રથમ વિદ્યાર્થીની છે જેને પીએચ.ડી. ની પદવી મળેલ છે. આ પ્રસંગે સંસ્થા તેમજ કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. જી.જે.ખરાદી એ અભિનંદન પાઠવીને શુભેચ્છા પાઠવે છે.

# રૂબેલા વેક્સિનેશન કાર્યક્રમ :- 09-02-2024

દિવ્ય ભાસ્કર
ગોધરા-દાહોદ ભાસ્કર 10-02-2024

## નવજીવન સાયન્સ કોલેજ દ્વારા રુબેલા વેક્સિનેશનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો



દાહોદ. દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજનાં કોલેજિયેટ વિમેન્સ ડેવલપમેન્ટ કમિટી તથા IQACના માધ્યમ દ્વારા ભગિની સમાજ દ્વારા વિદ્યાર્થિનીઓ માટે રુબેલા વેક્સિનેશનના કાર્યક્ર્મનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા કોલેજની 30 જેટલી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્ર્મનું આયોજન કોલેજનાં કાર્યકારી આચાર્ય ડો. ગૌરાંગ જે. ખરાદી તથા CWDC કોઓર્ડિનેટર પ્રોફેસર નિકહત એ. વોહરા હેઠળ શીખા મોઢિયા ,સુનંદા ખપેડ અને ભૂમિ ટીલવાણી દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

# વિધ્યાર્થી સંઘ દ્વારા વિવિધ ડે નું આયોજન :-
## 05-02-2024 થી 10-02-2024

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 11-02-2024

### દાહોદ કોલેજના વિદ્યાર્થી સંઘ તથા IQAC દ્વારા વિવિધ ડેનું આયોજન કરયું



દાહોદ, દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ દાહોદના સુવર્ણ જયંતી મહોત્સવ અંતર્ગત તા.5 થી 10 ફેબ્રુઆરી2024 સુધી નવજીવન સાયન્સ કોલેજ,દાહોદના વિદ્યાર્થી સંઘ તથા IQAC દ્વારા વિવિધ 'ડે' નું આયોજન કરવામાં આવ્યું હતુ. આ ઉપરાંત 10મીના રોજ બાળપણ ક્રીડા રમતોત્સવ શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમા કોલેજના તમામ વિદ્યાર્થીઓએ ખુબજ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કોલેજના કાર્યકારી આચાર્ય ડો. ગૌરાંગ ખરાદીએ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. આ તમામ પ્રવૃત્તિઓ કોલેજની સાંસ્કૃતિક કમિટીના અધ્યક્ષ ડો.કે.ટી.જોષી અને ડો.વિશાલ જૈન તેમજ ડો.વી.જે. ચૌહાણના માર્ગદર્શન હેઠળ કરી હતી.

### સુવર્ણ જયંતી મહોત્સવ હેઠળ દાહોદના વિદ્યાર્થી સંઘ દ્વારા વિવિધ ડેનું આયોજન



(પ્રતિનિધી) દાહોદ, તા.૧૦ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ દાહોદ ના સુવર્ણ જયંતી મહોત્સવ અંતર્ગત તા.5 થી 10 ફેબ્રુઆરી2024 સુધી નવજીવન સાયન્સ કોલેજ,દાહોદના વિદ્યાર્થી સંઘ તથા IQAC દ્વારા વિવિધ "ડે" નું આયોજન કરવામાં આવ્યું હતુ.આ ઉપરાંત તા ૧૦/ ૦૨/ ૨૦૨૪ ના રોજ બાળપણ ક્રીડા રમતોત્સવ શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું જેમા કોલેજના તમામ વિદ્યાર્થીઓએ ખુબજ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# સાપુતારા ખાતે એડવેંચર અને નેચર એજ્યુકેશન કેમ્પ :-
# 14-02-2024 થી 18-02-2024

## દાહોદના વિદ્યાર્થીઓનો સાપુતારા મુકામે એડવેન્ચર અને નેચર એજ્યુકેશન કેમ્પ યોજાયો



**દાહોદ** : દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસિયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના 17 વિદ્યાર્થીઓ જેમાં 8 વિદ્યાર્થીનીઓ અને 9 વિદ્યાર્થીઓએ સાપુતારા મુકામે ભાગ લીધો હતો. આ સાહસિક પ્રવૃત્તિ માટે અમદાવાદની attitude ફોર એડવેન્ચર સંસ્થાના સહકારથી કરેલ હતો. તા.14-18/02/2024 દરમ્યાન આ સમગ્ર કેમ્પનું આયોજન કોલેજ ના ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિકલ એજ્યુકેશન અને સ્પોર્ટસ વિભાગના ડાયરેક્ટર ઓફ ફિઝિકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ ડૉ. વી. જે. ચૌહાણ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કેમ્પને સફળતાપૂર્વક અને સલામત રીતે પૂર્ણ કરવા બદલ કોલેજના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. જી.જે.ખરાદી એ અભિનંદન પાઠવીને શુભેચ્છા પાઠવે છે. તેમજ સમગ્ર કોલેજ પરિવાર આનંદ અને હર્ષની લાગણી અનુભવે છે.

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના વિદ્યાર્થીઓનો સાપુતારા મુકામે એડવેન્ચર અને નેચર એજ્યુકેશન કેમ્પ

દાહોદ, દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસિયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના ૧૭ વિદ્યાર્થીઓ જેમાં ૮ વિદ્યાર્થીનીઓ અને ૯ વિદ્યાર્થીઓએ સાપુતારા મુકામે ભાગ લીધો હતો. આ સાહસિક પ્રવૃત્તિ માટે અમદાવાદની ફર્શિં-ર્મિચ ફોર એડવેન્ચર સંસ્થાના સહકારથી કરેલ હતો. તા.૧૪-૧૮/૦૨/૨૦૨૪ દરમ્યાન આ સમગ્ર કેમ્પનું આયોજન કોલેજ ના ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિકલ એજ્યુકેશન અને સ્પોર્ટસ વિભાગના ડાયરેક્ટર ઓફ ફિઝિકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ ડૉ. વી. જે. ચૌહાણ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કેમ્પને સફળતાપૂર્વક અને સલામત રીતે પૂર્ણ કરવા બદલ કોલેજના કાર્યકારી આચા ડૉ. જી.જે.ખરાદી અ અભિનંદન પાઠવી શુભેચ્છા પાઠવે છે. તેમજ સમગ્ર કોલેજ પરિવાર આનં અને હર્ષની લાગણ અનુભવે છે.

# કોલેજ દ્વારા ઉકરડી શાળા મુકામે રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણી:- 28-02-2024

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 01-03-2024

## દાહોદની સાયન્સ કોલેજમાં ઉકરડી મુકામે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરાઇ



દાહોદ. દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત, નવજીવન સાયન્સ કોલેજ દાહોદ દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ની ઉજવણી ના ભાગ રૂપે ડો. આંબેડકર પ્રાથમિક શાળા ઉકરડી મુકામે વિજ્ઞાન ના વિવિધ નમૂના નું પ્રદર્શન યોજવા માં આવ્યું હતું. જેમાં કોલેજ ના વિદ્યાર્થીઓ દ્વારા રસાયણ શાસ્ત્ર , ભૌતિક શાસ્ત્ર, ગણિત શાસ્ત્ર,પ્રાણી શાસ્ત્ર, માઇક્રો બાયોલોજી અને વનસ્પતિ શાસ્ત્ર ના વિવિધ નમૂના ઓ ની સમજ પ્રાથમિક અને માધ્યમિક શાળા ના વિદ્યાર્થીઓ ને આપી હતી. શાળા ના વિદ્યાર્થીઓ ને વિજ્ઞાન વિષય માં રસ,રુચિ અને વલણ ઉત્પન્ન થાય તે માટે વિવિધ પ્રયોગો નું પ્રદર્શન પણ કોલેજ ના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

## નવજીવન સાયન્સ કોલેજ દાહોદ દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરાઇ



**દાહોદ** : દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત, નવજીવન સાયન્સ કોલેજ દાહોદ દ્વારા તા. 28/02/2024 બુધવારના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીના ભાગ રૂપે ડો. આંબેડકર પ્રાથમિક શાળા ઉકરડી મુકામે વિજ્ઞાનના વિવિધ નમૂનાનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં કોલેજ ના વિદ્યાર્થીઓ દ્વારા રસાયણ શાસ્ત્ર, ભૌતિક શાસ્ત્ર, ગણિત શાસ્ત્ર,પ્રાણી શાસ્ત્ર, માઇક્રો બાયોલોજી અને વનસ્પતિ શાસ્ત્રના વિવિધ નમૂનાઓની સમજ પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ ને આપી હતી. શાળાના વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિષયમાં રસ,રુચિ અને વલણ ઉત્પન્ન થાય તે માટે વિવિધ પ્રયોગો નું પ્રદર્શન પણ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

# NSS ના સ્વયંસેવકો માનગઢ હિલ ખાતે પ્રવાશે:- 01-03-2024

દિવ્ય ભાસ્કર

ગોધરા-દાહોદ ભાસ્કર 02-03-2024

## દાહોદ સાયન્સ કોલેજના સ્વયંસેવકો માનગઢ હિલ ઐતિહાસિક સ્થળના પ્રવાસે




દાહોદ. દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ દાહોદના એન.એસ.એસ. એકમ 1 અને 2ની સપ્ત દિવસય વાર્ષિક શિબિરના ભાગરૂપે ઐતિહાસિક સ્થળ શ્રી ગોવિંદ ગુરુ સમાધી સ્થળ કંબોઇ, શ્રી ગોવિંદ ગુરુ સ્મૃતિ સ્મારક માનગઢ હિલ અને કડાણા ડેમના પ્રવસનું આયોજન કરાવનમાં આવ્યુ હતું. આ ઐતિહાસિક સ્થળના પ્રવાસમાં એન.એસ.એસ.ના 45 સ્વયંસેવકો અને ફિઝિકલ એજ્યુકેશન ડાયરેક્ટર ડૉ. વી. જે. ચૌહાણ અને કેમેસ્ટ્રીના ભૂમિ તિલવાની જોડાયા હતા.

# વિધ્યાર્થીનીઓને વિવિધ વાનગીઓ સીખવાડવામાં આવી:-

**01-03 2024**

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 02-03-2024

## નવજીવન સા. કોલેજની વિદ્યાર્થિનીઓને વિવિધ વાનગીઓ શિખવાડવામાં આવી



દાહોદ. દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજનાં કોલેજિયેટ વિમેન્સ, કમિટી, IQAC તથા નાયબ બાગાયત નિયામક કચેરીની ટીમ દ્વારા અને કાર્યકારી આચાર્ય ડો.ગૌરાંગ ખરાદીના માર્ગદર્શન હેઠળ બે દિવસીય વિદ્યાર્થિનીઓ માટે ફળ અને શાકભાજીની જાળવણી અને તાલીમ કાર્યક્રમ હેઠળ કેળાની ચીપ્સ, તૂટીફૂટી, કેન્ડી, મીઠા આમલા, ખજૂરના લાડવા જેવી વિવિધ વાનગી વિદ્યાર્થિનીઓને શીખવવામા આવી હતી. જેમા વિદ્યાર્થિનીઓને વૃતિકા (સ્ટાઈપેંડ) પણ આપ્યું હતુ. જેમા કોલેજની 26 વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.

# કોલેજ ના પ્રાધ્યાપકને રાજ્યકક્ષાનો NSS એવાર્ડ :- 07-03-2024

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ.શ્રેયસ પટેલને રાજ્ય કક્ષા એ શ્રેષ્ઠ પ્રોગ્રામ ઓફિસરનો એવોર્ડ

દાહોદ, તા.૦૬/૦૩/૨૦૨૪, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી,વિંઝોલ સંલગ્ન દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના રસાયણશાસ્ત્ર વિભાગના અધ્યાપક અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર તરીકે ફરજ બજાવતા ડૉ.શ્રેયસ એ.પટેલને એન.એસ.એસ. વર્ષ ૨૦૨૧-૨૨ માટે શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ રાજ્ય કક્ષાનો શ્રેષ્ઠ પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ પ્રાપ્ત થયો છે.તા.૦૭/૦૩/૨૪ ના રોજ ઉચ્ચ શિક્ષણની કચેરી ગાંધીનગર એન.એસ.એસ. વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ માટે શ્રેષ્ઠ કામગીરી કરનાર એન.એસ.એસ.પી.ઓ. અને સ્વયંસેવકોના સન્માન સમારોહનું આયોજન સ્વર્ણિમ સંકુલ-૧ ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું હતું. સમગ્ર યુનિવર્સિટીની વિવિધ કોલેજોના પ્રોગ્રામ ઓફિસરસ પૈકી યુનિવર્સિટીના શ્રેષ્ઠ પી.ઓ. તરીકે દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ દાહોદના પ્રોગ્રામ ઓફિસર ડૉ. શ્રેયસ પટેલને વર્ષ ૨૦૨૧-૨૨ માટેનો રાજ્ય કક્ષાનો બેસ્ટ પ્રોગ્રામ ઓફિસરનો એવોર્ડ રાજ્ય કક્ષાના મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાના હસ્તે એનાયત કરવામાં આવતા નવજીવન સાયન્સ કોલેજ સ્ટાફ પરિવાર ગૌરવ અનુભવે છે.

આ એવોર્ડ મળવા બદલ ડૉ. શ્રેયસભાઈ પટેલને સંસ્થા દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી તેમજ નવજીવન સાયન્સ કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

પંચમહાલ સમાચાર **દાહોદ આવૃત્તિ**

## દાહોદના શ્રેયસભાઈ પટેલને એનએસએસના શ્રેષ્ઠ પીઓ તરીકે એવોર્ડ એનાયત કરાયો




ઉદય ગુજરાત.ગોધરા

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરા ના એનએસએસ વિભાગે એક અનોખી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. સમગ્ર યુનિવર્સિટી ની વિવિધ કોલેજોના પ્રોગ્રામ ઓફિસર્સ એટલે કે પીઓ પૈકી યુનિવર્સિટીના શ્રેષ્ઠ પીઓ તરીકે નવજીવન સાયન્સ કોલેજ દાહોદના પ્રોગ્રામ ઓફિસર શ્રેયસભાઈ પટેલને વર્ષ ૨૦૨૧-૨૨ માટેનુંનો રાજ્ય કક્ષાનો બેસ્ટ પ્રોગ્રામ ઓફિસરનો એવોર્ડ મંત્રી પ્રફુલભાઈ પાનસરિયાના હસ્તે એનાયત કરાયો છે.

આ એવોર્ડ બદલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પ્રતાપસિંહ ચૌહાણ, કુલસચિવ ડૉ.અનિલભાઈ સોલંકી સહિત એનએસએસ યુનિટે અભિનંદન પાઠવ્યા છે.

ઉ દ ય ગુ જ રા ત

## એડવાન્સ ઈન્ડિયા ન્યુઝ

ADVANCE INDIA NEWS

Registration certificate

ઓશિયન મીડિયા આવૃત્તિ GJ-17-0005703

### એન એસ એસ ના શ્રેષ્ઠ પીઓ તરીકે દાહોદના શ્રેયસભાઈ પટેલને એવોર્ડ.




શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરા ના એનએસએસ વિભાગે એક અનોખી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. સમગ્ર યુનિવર્સિટી ની વિવિધ કોલેજોના પ્રોગ્રામ ઓફિસર્સ એટલે કે પીઓ પૈકી યુનિવર્સિટીના શ્રેષ્ઠ પીઓ તરીકે નવજીવન સાયન્સ કોલેજ દાહોદના પ્રોગ્રામ ઓફિસર શ્રી શ્રેયસભાઈ પટેલને વર્ષ 2021- 22 માટેનુંનો રાજ્ય કક્ષાનો બેસ્ટ પ્રોગ્રામ ઓફિસર નો એવોર્ડ મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસરિયા ના હસ્તે એનાયત કરવામાં આવતા સમગ્ર એનએસએસ વિભાગ ગૌરવ અનુભવે છે. આ એવોર્ડ બદલ યુનિવર્સિટીના કુલપતિ ડો.પ્રતાપસિંહ ચૌહાણ, કુલસચિવ શ્રી ડો.અનિલભાઈ સોલંકી ,એનએસએસ વિભાગના યુનિવર્સિટીના કોર્ડીનેટર ડો. મયંકભાઈ શાહ સહિત સમગ્ર એનએસએસ યુનિટે શ્રી શ્રેયસભાઈને અભિનંદન પાઠવ્યા છે.

એડિટર:વીરેન્દ્ર મહેતા 08/03/24

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 10-03-2024

## દાહોદની સાયન્સ કોલેજના અધ્યાપકને રાજ્યકક્ષાનો એવોર્ડ એનાયત

દાહોદ . દાહોદ શહેરમાં શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી,વિંઝોલ સંલગ્ન દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ,દાહોદના રસાયણશાસ્ત્ર વિભાગના અધ્યાપક અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર તરિકે ફરજ બજાવતા ડો.શ્રેયસ એ.પટેલ ને એન.એસ.એસ. વર્ષ 2021-22 માટે શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ રાજ્ય કક્ષાનો શ્રેષ્ઠ પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ પ્રાપ્ત થયો છે. 7 માર્ચે ઉચ્ચ શિક્ષણની કચેરી ગાંધીનગર એન.એસ.એસ. વિભાગ દ્વારા વર્ષ 2021-22 માટે શ્રેષ્ઠ કામગરી કરનાર એન.એસ.એસ. પી.ઓ. અને સ્વયંસેવકોના સન્માન સમરોહનું આયોજન સ્વર્ણિમ સંકુલ- 1 ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું હતું. સમગ્ર યુનિવર્સિટી ની વિવિધ કોલેજોના પ્રોગ્રામ ઓફિસરસ પૈકી યુનિવર્સિટીના શ્રેષ્ઠ પી.ઓ. તરીકે દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ દાહોદ ના પ્રોગ્રામ ઓફિસર ડો. શ્રેયસ પટેલને વર્ષ 2021-22 માટેનો રાજ્ય કક્ષાનો બેસ્ટ પ્રોગ્રામ ઓફિસર નો એવાર્ડ રાજ્ય કક્ષાના મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાના હસ્તે એનાયત કરવામાં આવતા નવજીવન સાયન્સ કોલેજ સ્ટાફ પરિવારમાં હર્ષની લાગણી ફેલાઈ ગઈ હતી. આ એવોર્ડ મળવા બદલ ડો. શ્રેયસભાઈ પટેલને સંસ્થા દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી તેમજ નવજીવન સાયન્સ કોલેજ પરિવાર સાથે મિત્ર વર્તુળે અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.

## સ્પોર્ટ્સ માં કોલેજના વિધ્યાર્થી એ પી.એચ.ડી. પ્રાપ્ત કરી

**:- 08-03-2024**

# નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના વિદ્યાર્થીએ પીએચ.ડી. ની પદવી પ્રાપ્ત કરી



**દાહોદ** : દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસિયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના વિદ્યાર્થી સંજય ગામિત જેઓએ "જિલ્લા કક્ષાની રમતગમતની શાળાના ખેલાડીઓની શારીરિક ક્ષમતાનો તુલનાત્મક અભ્યાસ" વિષય પર મહાશોધ નિબંધ પ્રસ્તુત કર્યો હતો. જે ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા દ્વારા સ્વીકારીને પીએચ.ડી. ની પદવી એનાયત કરેલ છે. આ વિદ્યાર્થી શારીરિક શિક્ષણના અધ્યાપક ડૉ. વી.જે.ચૌહાણ ના માર્ગદર્શન હેઠળ પદવી મેળવેલ છે. નવજીવન સાયન્સ કોલેજ માંથી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીનો બીજો વિદ્યાર્થી છે જેને પીએચ.ડી. ની પદવી મળેલ છે. આ પ્રસંગે સંસ્થા તેમજ કોલેજના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. જી.જે.ખરાદી એ અભિનંદન પાઠવીને શુભેચ્છા પાઠવે છે. તેમજ સમગ્ર કોલેજ પરિવાર આનંદ અને હર્ષની લાગણી અનુભવે છે.

# ગવર્મેન્ટ સાઇન્સ કોલેજ, લીમખેડા સાથે MoU:- 18-03-2024

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ અને સાયન્સ કોલેજ, લીમખેડા વચ્ચે એમઓયુ



(પ્રતિનિધી) દાહોદ, તા.18 દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસિયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, અને ગવર્નમેંટ સાયન્સ કોલેજ, લીમખેડા વચ્ચે એમઓયુ થયો. આ પ્રસંગે કોલેજના કાર્યકારી આચાર્ય ડાં. જી.જે.ખરાદી અને ગવર્નમેંટ સાયન્સ કોલેજ, લીમખેડા ના આચાર્ય ડો. યોગેશ એસ.પટેલ હાજર રહ્યા હતાં. આ એમઓયુ થી બંને કોલેજ ના વિધ્યાર્થીઓ ને શૈક્ષણિક પ્રોગ્રામ, રિસર્ચ, માહિતી ની આપલે,સેમિનાર, કોન્ફરન્સ,વર્કશોપ નો લાભ મળશે અને તેમનો સર્વાંગી વિકાસ થશે.

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 19-03-2024

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ- ગવર્મેન્ટ સાયન્સ કોલેજ, લીમખેડા વચ્ચે એમઓયુ



દાહોદ. દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસિયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, અને ગવર્નમેંટ સાયન્સ કોલેજ, લીમખેડા વચ્ચે એમઓયુ થયો. આ પ્રસંગે કોલેજના કાર્યકારી આચાર્ય ડાં. જી.જે.ખરાદી અને ગવર્નમેંટ સાયન્સ કોલેજ, લીમખેડાના આચાર્ય ડો. યોગેશ એસ.પટેલ હાજર રહ્યા હતાં. આ એમઓયુથી બંને કોલેજના વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રોગ્રામ, રિસર્ચ, માહિતીની આપલે, સેમિનાર, કોન્ફરન્સ, વર્કશોપનો લાભ મળશે અને તેમનો સર્વાંગી વિકાસ થશે.

# ઝૂલોજી વિભાગ દ્વારા ચકલી દિવસ નિમિત્તે સેમિનાર :-
# 20-03-2024

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના ઝુઓલોજી વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા વિશ્વ ચકલી દિવસ ઉજવાયો




**દાહોદ** : નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના ઝુલોજી વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા વિશ્વ ચકલી દિવસ નિમિત્તે બર્ડ વોચિંગ અને એક દિવસીય સેમીનારનું આયોજન કરવામાં આવ્યું. દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત, નવજીવન સાયન્સ કોલેજ દાહોદના ઝુલોજી વિભાગના વિદ્યાર્થીઓ અને IQAC દ્વારા તા. 20/03/2024 બુધવારના રોજ "વિશ્વ ચકલી દિવસની ઉજવણી" ના ભાગ રૂપે અવેરનેસ સેમિનાર તેમજ કોલેજ કેમ્પસ અને આસપાસના વિસ્તારમાં બર્ડ વોચિંગ અને સ્પેરો કાઉન્ટીંગનો કાર્યક્રમ આયોજિત કર્યો હતો. જેમાં કોલેજના 64 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સેમિનારમાં મુખ્ય અતિથી તરીકે કિશોરભાઈ રાજહંસ અને ધર્મેન્દ્રભાઈ ખત્રી તથા નવજીવન સાયન્સ કોલેજ નો સ્ટાફ હાજર રહ્યા હતા.

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 21-03-2024

## દાહોદમાં પ્રકૃતિ મિત્ર મંડળ દ્વારા પર્યાવરણ વિષયક ચર્ચા કરી સમજણ અપાઇ



દાહોદ, વિશ્વ ચકલી દિવસના રોજ બુધવારના રોજ નવજીવન સાયન્સ કોલેજ ખાતે પ્રકૃતિ મિત્ર મંડળની ટીમ દ્વારા આ દિવસના ઉપલક્ષ્યમાં વિદ્યાર્થીઓ સાથે પર્યાવરણ અને તેના વિષયક વિવિધ બાબતો વિશે ચર્ચા વિચારણા અને સમજણ આપવામાં આવી હતી. જેના અંતર્ગત પ્રકૃતિ મિત્ર મંડળના પ્રમુખશ્રી ધર્મેન્દ્રભાઈ ખત્રી દ્વારા વિવિધ જંગલી પ્રાણીઓ, તેમનું આપણા જીવનમાં મહત્વ, જંગલનું મહત્વ અને વિવિધ પ્રાણીઓના જેમકે દીપડા, ઝરખ, નીલગાય વગેરેના મનુષ્ય સાથે વધી રહેલા ઘર્ષણના પ્રમાણ બાબતે શું કામ આ બાબત ચિંતાજનક છે અને તેને કેવી રીતે નિવારી અથવા અટકાવી શકાય છે અથવા તો આવનારા સમયમાં શું પગલાં લેવા જોઈએ તેના વિશે જાણકારી આપી હતી. સાથોસાથ પર્યાવરણમાં વૃક્ષોનું મહત્વ અને વૃક્ષારોપણ કેટલું અગત્યનો ભાગ ભજવે છે તેના વિશે માહિતગાર કરવામાં આવ્યા.

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 22-03-2024

## દાહોદમાં ઝુલોજીના વિદ્યાર્થીઓ દ્વારા બર્ડ વોચિંગ અને એક દિવસીય સેમિનાર




દાહોદ. નવજીવન સાયન્સ કોલેજ દાહોદના ઝુલોજી વિભાગના વિદ્યાર્થીઓ અને IQAC દ્વારા વિશ્વ ચકલી દિવસની ઉજવણીમાં અવેરનેસ સેમિનાર તેમજ બર્ડ વૉચિંગ અને સ્પેરો કાઉન્ટીંગનો કાર્યક્રમ આયોજિત કર્યો હતો. આ સેમિનારમાં મુખ્ય અતિથી તરીકે કિશોરભાઈ રાજહંસ અને ધર્મેન્દ્રભાઈ ખત્રી તથા નવજીવન સાયન્સ કોલેજ નો સ્ટાફ હાજર રહ્યા હતા. કાર્યક્રમ માં પ્રકૃતિ મિત્ર મંડળ તેમજ સર્વમ્ સેવાલાયમ્ ચેરીટેબલ ટ્રસ્ટ માંથી મહાનુભાવોની વિશેષ હાજરીમાં 50થી વધુ ચકલીના માળાઓનું વિતરણ કરી 2 વિદ્યાર્થીઓ ને બેસ્ટ પ્રેઝન્ટેટર તથા વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફરના મેડલ આપ્યાં હતા.

# બે કોલેજો વચ્ચે એમ.ઓ.યુ. :- 20-03-2024

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 21-03-2024

## દાહોદની નવજીવન સાયન્સ કોલેજ અને પોલિટેક્નિક કોલેજ વચ્ચે એમઓયુ



દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, અને ગવર્નમેંટ પોલિટેકનીક કોલેજ, દાહોદ વચ્ચે એમઓયુ થયો. આ પ્રસંગે કોલેજના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. જી.જે.ખરાદી અને ગવર્નમેંટ પોલિટેકનીક કોલેજ, દાહોદ ના આચાર્યા શ્રી કે. બી. મેહતા હાજર રહ્યા હતાં. આ એમઓયુ થી બંને કોલેજ ના વિધ્યાર્થીઓ ને શૈક્ષણિક પ્રોગ્રામ, અધ્યતન લેબોરેટરી, રિસર્ચ, માહિતી ની આપલે, સેમિનાર, કોન્ફરન્સ, વર્કશોપ નો લાભ મળશે અને તેમનો સર્વાંગી વિકાસ થશે

# ભૌતિક શાસ્ત્રના વિધ્યાર્થીઓ નો IPR અને FCPT માં શૈક્ષણિક પ્રવાસ :- 08-04-2024

## નવજીવન સાયન્સ કોલેજ દાહોદમાં વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો




**દાહોદ :** દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત, નવજીવન સાયન્સ કોલેજ દાહોદ અને IQAC દ્વારા ભૌતિકશાસ્ત્ર વિભાગ મા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે તા. 05/04/2024 શુક્રવાર ના રોજ શૈક્ષણિક પ્રવાસ IPR (Institute for Plasma Research) અને FCIPT ( Facilitation Centre for Industrial Plasma Technology) ગાંધીનગર ખાતે કરવામાં આવ્યો. આ પ્રવાસ નવજીવન સાયન્સ કોલેજ દાહોદ અને શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ના ભૌતિક શાસ્ત્ર વિભાગ દ્વારા સંયુક્ત પણે ગોઠવો માં આવ્યો હતો.અહીં વિદ્યાર્થીઓ એ પદાર્થ નું ચોથું સ્વરૂપ એટલે કે પ્લાઝમા પર થતા અભ્યાસ ,તેની બનાવટ, તેનો વિવિધ ક્ષેત્ર ઉપયોગ વિશે માહિતી પ્રાપ્ત કરી. આ સાથે IPR માં આવેલ ભારત નું એક માત્ર પ્લાઝમા સ્વરૂપ પ્રાપ્ત કરવાં માટે ઉપયોગ માં આવતા સાધન Tokamaks ની મુલાકાત લીધી. આ પ્રવાસ દરમ્યાન ભૌતિકશાસ્ત્ર વિભાગના ફેકલ્ટી મોહિત આર. અગ્રવાલ એ વિદ્યાર્થીઓને વિષયલક્ષી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રવાસ કોલેજ ના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. ગૌરાંગ ખરાદી ના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો.

નવજીવન સાયન્સ કોલેજ દાહોદમાં વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો




**દાહોદ :** દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત, નવજીવન સાયન્સ કોલેજ દાહોદ અને IQAC દ્વારા ભૌતિકશાસ્ત્ર વિભાગ મા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે તા. 05/04/2024 શુક્રવાર ના રોજ શૈક્ષણિક પ્રવાસ IPR (Institute for Plasma Research) અને FCIPT ( Facilitation Centre for Industrial Plasma Technology) ગાંધીનગર ખાતે કરવામાં આવ્યો. આ પ્રવાસ નવજીવન સાયન્સ કોલેજ દાહોદ અને શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ના ભૌતિક શાસ્ત્ર વિભાગ દ્વારા સંયુક્ત પણે ગોઠવો માં આવ્યો હતો.અહીં વિદ્યાર્થીઓ એ પદાર્થ નું ચોથું સ્વરૂપ એટલે કે પ્લાઝમા પર થતા અભ્યાસ ,તેની બનાવટ, તેનો વિવિધ ક્ષેત્ર ઉપયોગ વિશે માહિતી પ્રાપ્ત કરી. આ સાથે IPR માં આવેલ ભારત નું એક માત્ર પ્લાઝમા સ્વરૂપ પ્રાપ્ત કરવાં માટે ઉપયોગ માં આવતા સાધન Tokamaks ની મુલાકાત લીધી. આ પ્રવાસ દરમ્યાન ભૌતિકશાસ્ત્ર વિભાગના ફેકલ્ટી મોહિત આર. અગ્રવાલ એ વિદ્યાર્થીઓને વિષયલક્ષી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રવાસ કોલેજ ના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. ગૌરાંગ ખરાદી ના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો.

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 09-04-2024

## નવજીવન સાયન્સ કોલેજ અને IQAC દ્વારા વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ




દાહોદ. નવજીવન સાયન્સ કોલેજ દાહોદ અને IQAC દ્વારા ભૌતિકશાસ્ત્ર વિભાગમા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક પ્રવાસ IPR (Institute for Plasma Research) અને FCIPT ( Facilitation Centre for Industrial Plasma Technology) ગાંધીનગર ખાતે કરાયો હતો. આ પ્રવાસ નવજીવન સાયન્સ કોલેજ દાહોદ અને શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના ભૌતિક શાસ્ત્ર વિભાગના આયોજનમાં પ્લાઝ્મા પર થતા અભ્યાસ, તેની બનાવટ, તેનો વિવિધ ક્ષેત્ર ઉપયોગ વિશે માહિતી પ્રાપ્ત કરી હતી. ભૌતિકશાસ્ત્ર વિભાગના ફેકલ્ટી મોહિત આર. અગ્રવાલે વિદ્યાર્થીઓને વિષયલક્ષી માર્ગદર્શન પુરું પાડ્યું હતું. આ પ્રવાસ કોલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. ગૌરાંગ ખરાદીના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો.

**ફિઝિક્સમાં કોલેજના વિધ્યાર્થી એ પી.એચ.ડી. પ્રાપ્ત કરી**

**:-22-05-2024**

# નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના વિધાર્થિને પીએચ.ડી.ની પદવી એનાયત



**દાહોદ** : દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસિયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના વિદ્યાર્થી સલમાન ઝાભા એ "STUDY OF CHARGE TRANSFER COMPLEXES OF SOME OF MAGNETIC CONDUCTORS" વિષય પર મહાશોધ નિબંધ પ્રસ્તુત કર્યો હતો. જે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા દ્વારા સ્વીકારીને પીએચ.ડી. ની પદવી એનાયત કરેલ છે. આ વિદ્યાર્થી ભૌતિક શાસ્ત્રના અધ્યાપક ડૉ. વિશાલ જૈન ના માર્ગદર્શન હેઠળ પદવી મેળવેલ છે. આ પ્રસંગે સંસ્થા તેમજ કોલેજના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. જી.જે.ખરાદી એ અભિનંદન પાઠવીને શુભેચ્છા પાઠવે છે. તેમજ સમગ્ર કોલેજ પરિવાર આનંદ અને હર્ષની લાગણી અનુભવે છે.